


વિશ્વ યોગ દિન ઉજવણી અહેવાલ

જય ભારત સાથે ઉપરોક્ત અન્વયે સવિનય જણાવવાનું કે વિશ્વ યોગ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજવાનું સરકાર શ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે જે અન્વયે આ કાર્યક્રમ અંતર્ગત યોગ નિર્ધારિત કાર્યક્રમો કરવા રાજ્ય જિલ્લા અને તાલુકા સ્તરે સંકલન સમિતિઓની રચના કરવામાં આવેલ છે જે અન્વયે વિશ્વ યોગ દિન ઉજવણીની તાલુકા સંકલન સમિતિના સંકલનમાં રહી લુણાવાડા તાલુકાની કિસાન માધ્યમિક વિદ્યાલય માં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

તારીખ 21 જૂન 2023 બુધવાર ના રોજ સરકાર શ્રી દ્વારા વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ એક ભાગ તરીકે સમાવાયેલ એવા યોગને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી વિશ્વ સંસ્થા યુનો દ્વારા માન્યતા આપીને દર વર્ષની 21મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા નક્કી કરવામાં આવેલ છે જેમાં વિશ્વના દેશોમાં આ દિવસને યોગ દ્વારા ઉજવણી કરવા નક્કી કરેલ છે જે અંતર્ગત ભારતના પણ આ દિવસે નાના બાળકોથી લઈને યુવાનો વૃદ્ધો બધા જ યોગના કાર્યક્રમમાં જોડાશે

વિશ્વ યોગ દિવસે રાજ્ય અને જિલ્લા શિક્ષણ અધિકારી ની કચેરીની સૂચના મુજબ લુણાવાડા તાલુકામાં કિસાન માધ્યમિક વિદ્યાલય ધોરણ 9 થી 12 ના તમામ વિદ્યાર્થીઓ તથા શાળા સ્ટાફે ભાગ લીધેલ હતો યોગ શિક્ષક દ્વારા દરરોજ પ્રાર્થના સમય દરમિયાન સવારે 6:30 કલાકે દરેક બાળકોને તાલીમ આપવામાં આવી. એસ.આર.પી. પોલીસ ગ્રાઉન્ડે બાળકો ,શિક્ષકો અને પોલીસ ગણ હાજર રહીને સુચિત યોગાસન કરીને કાર્યક્રમને સફળતાપૂર્વક ઉજવણી કરવામાં આવેલ જેમ નીચે મુજબ યોગાસન કરવામાં આવેલ હતા.

જેમકે તાડાસન વૃક્ષાસન પાદ હસતાસન અર્ધ ચક્રાસન ત્રિકોણાસન ભદ્રાસન શશંકાસન વક્રાસન ભુજંગાસન મકરાસન સવાસન કપાલભાતિ પ્રાણાયામ ધ્યાન વગેરે આસનો કરાવવામાં આવેલ હતા આમ વિશ્વ યોગ દિવસની ઉજવણી ખૂબ જ સરસ રીતે કરવામાં આવી